

सत्यमेव जयते
ગુજરાત સરકાર







# કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૨૪









**કુટિર અને ગ્રામોદ્યોગ પ્રભાગ**
**ઉદ્યોગ અને ખાણ વિભાગ**
**ગુજરાત સરકાર**











सत्यमेव जयते

ગુજરાત સરકાર

# કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૨૪


**કુટિર અને ગ્રામોદ્યોગ પ્રભાગ**

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ગુજરાત સરકાર

## કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્રના પડકારો

ગુજરાતના આર્થિક વિકાસમાં કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્ર નોંધપાત્ર ફાળો આપે છે. કુશળ, અર્ધ-કુશળ અને બિન-કુશળ શ્રમિકો માટે રોજગારીનું સર્જન કરે છે. શ્રમિકોના કૌશલ્યવર્ધન દ્વારા માનવબળનો યોગ્ય ઉપયોગ કરી, યોગ્ય બજાર અને પ્રોત્સાહન પૂરા પાડી વધુ વૃદ્ધિ હાંસલ કરી શકાય તેમ છે. આર્થિક વિકાસ અને રોજગારી સર્જનમાં આ ક્ષેત્રની મુખ્ય ભૂમિકા અને મહત્વ હોવા છતાં, તેની વૃદ્ધિમાં નીચે મુજબના પડકારો રહેલા છે.

- **નાણાકીય સુવિધાઓનો અભાવ:** મર્યાદિત નાણાકીય સ્થિરતાના કારણે કુટિર સાહસિકોને મૂડીને બદલે લોન પર આધાર રાખવો પડે છે. નાણાં ધીરનાર સંસ્થાઓને પણ લોનને બદલે જામીન કે અસ્કયામતો ગિરવે લેવા માટે અને આપેલ લોનની વસુલાત કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.
- **મર્યાદિત માર્કેટિંગ પહોંચ:** ગ્રામીણ વિસ્તારમાંથી કુટિર ઉદ્યોગોને વધુમાં વધુ બજાર તક મળી રહે તેવી સુનિશ્ચિત વ્યવસ્થાનો અભાવ.
- **ડિઝાઈનની મર્યાદિત વૈવિધ્યતા:** ગ્રામીણ વિસ્તારોના કારીગરોમાં દેશ-વિદેશના પ્રવર્તમાન બજારમાં ચાલતાં નવા ટ્રેન્ડસ, પદ્ધતિઓ, વર્તમાન બજારની માંગને અનુરૂપ નવી ડિઝાઇન અને નવી પેઢીની માંગ અંગેની સમજ મર્યાદિત છે.
- **અપૂરતી માળખાકીય સુવિધાઓ:** ઉદ્યોગ/વ્યવસાયો માટે અપૂરતી માળખાકીય અને મૂળભૂત સુવિધાઓ કારીગરોની આજીવિકા અને લાંબાગાળાના રોજગાર પર વિપરિત અસર કરે છે.
- **કારીગરોની ઓળખ અને નોંધણીની અપૂરતી વ્યવસ્થા.**

## વિઝન :

કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ ૨૦૨૪નું વિઝન સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઉન્નત બજાર હિસ્સા સાથે રાજ્યમાં એક ગતિશીલ અને આત્મનિર્ભર કુટિર ક્ષેત્રનું નિર્માણ કરવાનું છે. આજીવિકા વધારવાની તકો ઊભી કરી, કારીગરોની આવક અને જીવનધોરણમાં ઉત્તરોત્તર સુધારો થાય, તે સુનિશ્ચિત કરી, "આત્મનિર્ભર ભારત" બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપવાનું છે. સાથે-સાથે રાજ્યની લુપ્ત થતી હસ્તકળાઓને સાચવવાનું પણ છે.

## મિશન :

કુટિર ક્ષેત્રને સ્થિરતા પ્રદાન કરવા માટે કુટિર ઉદ્યોગની ઇકો-સિસ્ટમને મજબૂત બનાવવામાં આવશે અને લુપ્ત થતી હસ્તકળાઓને પુનર્જીવિત કરવામાં આવશે. કુટિર ક્ષેત્રમાં રોજગારીની તકો વધારવા માટે, ધિરાણની વ્યવસ્થા, માર્કેટની સુવિધા, માળખાકીય સુવિધાઓ, કૌશલ્ય વિકાસ તાલીમ, ટેક્નોલોજી અપગ્રેડેશન અને નવીનતા લાવવામાં આવશે. આ ઉપરાંત, ગુજરાતના હસ્તકળા, ખાદી અને સાંસ્કૃતિક વારસાના પ્રચાર-પ્રસાર તથા જાળવણી માટે અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવશે.

- કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૨૪ના સમયગાળા દરમિયાન હાથશાળ અને હસ્તકળાના ઉત્પાદનોની નિકાસમાં વધારો કરવામાં આવશે.
- કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્ર દ્વારા છેલ્લા પાંચ વર્ષોમાં લગભગ ૮.૭૫ લાખ જેટલી પ્રત્યક્ષ/પરોક્ષ રોજગારીની તકો ઊભી કરવામાં આવી છે. આગામી પાંચ વર્ષમાં લગભગ વધુ ૧૨ લાખ રોજગારીનું સર્જન કરવામાં આવશે.
- વર્ષે આશરે ૨૦,૦૦૦ લાભાર્થીઓને કૌશલ્ય વિકાસની તાલીમ આપવામાં આવે છે. કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૨૪ અંતર્ગત નવા નાના ઉદ્યોગસાહસિકોને તાલીમ આપી, તેમની સંખ્યામાં વધારો કરવામાં આવશે.
- બોર્ડ/નિગમ અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા કારીગરો ખાદી, હાથશાળ અને હસ્તકળાના ₹૪૬૦ કરોડની કિંમતના ઉત્પાદનોનું વેચાણ કરે છે. જેને આગામી પાંચ વર્ષમાં તબક્કાવાર ₹૧,૫૦૦ કરોડ સુધી પહોંચાડવામાં આવશે.

- હાલમાં હસ્તકળા અને હાથશાળની કુલ ૨૧ પ્રોડક્ટને GI (Geographical Indication) ટેગ મળેલ છે. આગામી પાંચ વર્ષમાં વધુ ૨૦ પ્રોડક્ટને GI ટેગ પ્રાપ્ત થાય તેવો પ્રયત્ન કરવામાં આવશે.
- કારીગરોને માર્કેટિંગ પ્લેટફોર્મ પૂરું પાડવા માટે બોર્ડ/નિગમ દ્વારા પ્રદર્શન અને મેળાઓનું આયોજન કરવામાં આવે છે. તે ઉપરાંત, દર વર્ષે એક રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય બાયર-સેલર મીટનું આયોજન કરવામાં આવશે.
- અગ્રણી ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ સાથે M.o.U. કરવામાં આવેલ છે. ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર આગામી પાંચ વર્ષમાં ૫,૦૦૦ કારીગરો/ઉદ્યોગસાહસિકોને સામેલ કરવા પ્રયત્ન કરાશે.
- ધિરાણ યોજનાઓ હેઠળ દર વર્ષે ૩૫,૦૦૦ લાભાર્થીઓ લાભ આપવામાં આવી રહ્યો છે, જેને આગામી પાંચ વર્ષના સમયગાળામાં દર વર્ષે ૫૦,૦૦૦ સુધી વધારવાના પ્રયત્નો કરવામાં આવશે.
- આ ક્ષેત્રના સંભવિત હિસ્સેદારો/લાભાર્થીઓની સ્થિતિ સમજવા માટે કારીગરોની વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે.

## ઉદ્દેશો :

- વધુ લાભાર્થીઓ સુધી પહોંચવા માટેની સરળ અને પ્રોત્સાહક નીતિ.
- કુટિર અને ગ્રામોદ્યોગ સાથે સંકળાયેલા લોકોની કુશળતા અને ક્ષમતાઓ વધારી તેમની આજીવિકા અને સામાજિક-આર્થિક પરિસ્થિતિઓમાં સુધારો કરવો.
- કુટિર, હસ્તકળા અને હાથશાળ ક્ષેત્રના એકમોને ટેકો આપીને તેમના વિકાસ માટે યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ કરવું, ક્લસ્ટરનો સર્વગ્રાહી વિકાસ સુનિશ્ચિત કરવો અને કારીગરલક્ષી ઉદ્યોગ-સાહસોનો વિકાસ કરવો.
- હસ્તકળા અને હાથશાળથી બનાવેલા ઉત્પાદનોની એક આગવી ઓળખ બનાવવા માટે અસરકારક માર્કેટિંગ, પ્રચાર-પ્રસાર, સોશિયલ મીડિયા/ઈ-માર્કેટિંગ દ્વારા તેમજ એમ્પોરિયમ્સ, ઈ-કોમર્સ વેબસાઇટ્સ અને અન્ય ચેનલો મારફતે વ્યૂહરચના બનાવીને ટેકો આપવો.
- રાજ્ય અને કેન્દ્રની યોજનાઓનું અસરકારક અમલીકરણ કરી સ્પર્ધાત્મક બજારની માંગને અનુરૂપ ડિઝાઈન અને સુવિધાઓ દ્વારા ઉત્પાદનોની ગુણવત્તાને સુધારવી તથા ઉત્પાદનમાં વૈવિધ્યતા લાવવી.
- લોકોમાં વ્યાપક જાગૃતિને પ્રોત્સાહન આપી વંશ પરંપરાગત હસ્તકળાના વારસાની જાળવણી કરી વંશ પરંપરાગત હસ્તકળાનું સાતત્ય સુનિશ્ચિત કરવું.
- કુટિર ઉદ્યોગ ક્ષેત્રમાં ઉદ્યોગ-સાહસિકતાના વિકાસને પ્રોત્સાહન આપવા માટે ડિઝાઈન અને ઈન્ક્યુબેશન સ્ટુડિયોની સુવિધાઓ વિકસાવવી. માર્ગદર્શક તાલીમ, રોકાણકારો સાથે બેઠકની વ્યવસ્થાઓ ગોઠવવી અને ઉદ્યોગ-સાહસિકોને સંશોધન અને વિકાસમાં સહાય પૂરી પાડવી.
- કારીગરો/એકમો/કાચા માલના સપ્લાયરોને પર્યાવરણીય રીતે અનુકૂળ હોય તેવી પ્રોડક્ટનું ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત કરતી યોજનાઓ બનાવીને, પર્યાવરણીય જાગૃતતા અને અનુપાલનને પ્રોત્સાહન આપવું.
- બોર્ડ/નિગમ અને તેની તમામ યોજનાઓ, કારીગરનો ડેટાબેઝ, ડેશબોર્ડિંગ અને ડેટા એનાલિટિક્સ, કૌશલ્ય તાલીમના ટ્રેકિંગના ડેટાને એકીકૃત કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મની સ્થાપના કરવી. આ નીતિ અંતર્ગત ગુજરાતના કુટિર, હસ્તકળા અને હાથશાળની ચીજ-વસ્તુઓના ઉત્પાદનનો ડેટા મેળવવા અને સંગ્રહિત કરવા માટેની સિસ્ટમ સ્થાપિત કરવી.
- હસ્તકળા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવું. કારીગરો, ઉદ્યોગ-સાહસિકો, વિદ્યાર્થીઓ, વિદ્વાનો અને નિષ્ણાતો વગેરે સાથે ચર્ચા-વિચારણા, મંથન અને જ્ઞાનવર્ધક બેઠકનું આયોજન કરવું.

## ૧.૦ કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૨૪ની નવતર પહેલ :

૧.૧ **ધિરાણ સહાય અને સાધન સહાય:** ઓનલાઈન પ્લેટફોર્મના ઉપયોગ દ્વારા ધિરાણ, નાણાકીય સહાય, ટૂલકિટ વગેરે જેવા લાભો ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવા અને તમામ ધિરાણ યોજનાઓને ડિજિટાઈઝ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પરિણામે, ધિરાણ સહાય અને નાણાકીય સહાય મેળવવી વધુ સરળ બનશે, જેનાથી કુટિર ક્ષેત્રમાં ઉદ્યોગસાહસિકતા/ સ્વરોજગારની તકોને પ્રોત્સાહન મળશે.

૧.૨ **શ્રી વાજપેયી બેંકેબલ યોજના ૨.૦:** કુટિર અને ગ્રામોદ્યોગ તથા હાથવણાટ અને હસ્તકળા ક્ષેત્ર સાથે સંકળાયેલા કારીગરો, ઉદ્યોગસાહસિકો આ યોજના હેઠળ અરજી કરી શકશે. લોનની રકમની મર્યાદા ₹૮ લાખથી વધારીને ₹૨૫ લાખ કરવામાં આવે છે. જ્યારે મહત્તમ સબસિડી મર્યાદા ₹૧.૨૫ લાખથી વધારીને ₹૩.૭૫ લાખ કરવામાં આવે છે.

૧.૩ **દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સબસિડી યોજના:** આ યોજના ફક્ત નોંધાયેલા હાથશાળ અને હસ્તકળાના કારીગરો માટે જ ઉપલબ્ધ છે. લોનની રકમની મર્યાદા ₹૧ લાખથી વધારીને ₹૩ લાખની કરવામાં આવે છે.

૧.૪ ગ્રામીણ ઉદ્યોગો સાથે સંકળાયેલા હિતધારકોને કેન્દ્રીય યોજનાઓ જેવી કે, પ્રધાન મંત્રી વિશ્વકર્મા યોજના, પ્રધાન મંત્રી રોજગારી નિર્માણ કાર્યક્રમ, પરંપરાગત ઉદ્યોગોના પુનર્જીવન માટે ભંડોળની યોજના(SFURTI)નો લાભ મળે, જેનાથી ગ્રામીણ ઉદ્યોગોનાં ક્ષેત્રમાં વધારે રોજગારીનું સર્જન થશે.

૧.૫ વ્યક્તિગત ઉદ્યોગ-સાહસિકોના ટર્નઓવર પર પ્રોત્સાહનો પ્રદાન કરીને આ ક્ષેત્રને ઔપચારિક સ્વરૂપ અપાશે. ઉત્પાદન/પ્રોસેસિંગ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લાયકાત ધરાવતાં વ્યક્તિગત ઉદ્યોગ-સાહસિકોને નાણાકીય વર્ષમાં તેમના ટર્નઓવર/કુલ વેચાણના આધારે મહત્તમ ₹૧,૨૦,૦૦૦/- પ્રતિ વર્ષના ટર્નઓવર/વેચાણને આધીન કુલ ટર્નઓવર/વેચાણના પાંચ ટકાના દરે પ્રોત્સાહન ચૂકવવામાં આવશે. પાંચ વર્ષના સમયગાળા માટે યોજના બનાવવામાં આવે છે.

૧.૬ **માનવ કલ્યાણ યોજના:** પ્રવર્તમાન નીતિ મુજબ ટૂલકિટ ખરીદીને લાભાર્થીઓને ટૂલકિટનું વિતરણ કરવામાં આવે છે. તેના સ્થાને હવે પછી ઈ-વાઉચર્સ પ્રક્રિયા મારફતે સમાન લાભ પ્રદાન કરવામાં આવશે.

## ૨.૦ કૌશલ્યવર્ધન તાલીમ :

૨.૧ વર્ષ ૨૦૨૨ થી પરિણામ-આધારિત તાલીમ કાર્યક્રમો શરૂ કર્યા છે અને તે મુજબ તાલીમાર્થીઓનું તાલીમ બાદ ટ્રેકિંગ કરી, તાલીમાર્થીઓને ઉત્પાદનમાં આવતી અડચણો દૂર કરી તેમજ માર્કેટ, ડિઝાઈન, ટૂલકિટ સહાય પૂરી પાડી પ્રોડક્ટને વેચાણ માટે જરૂરી સુવિધા પૂરી પાડવામાં આવશે.

૨.૨ તાલીમ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવા માટે તાલીમ મોનિટરિંગ સેલને કાર્યક્ષમ બનાવવામાં આવશે.

૨.૩ ટ્રેનર્સને દર વર્ષે રિફ્રેશર અને ઓરિએન્ટેશન તાલીમ આપવામાં આવશે, જેથી તેઓ બજારના ફેરફારો અને નવીનતમ વલણોથી અવગત રહી શકે.

૨.૪ રાષ્ટ્રીય-રાજ્ય પુરસ્કાર વિજેતાઓ/રાષ્ટ્રીય યોગ્યતા પ્રમાણપત્ર ધારકોને નવા કારીગરોને તાલીમ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પહેલ થકી કારીગરોની યુવા પેઢીને પરંપરાગત કુશળતા/જ્ઞાનના હસ્તાંતરણને પ્રોત્સાહન આપવામાં આવશે.

૨.૫ પેકેજિંગ, બ્રાન્ડિંગ અને પ્રોડક્ટના પરિવહન પર કૌશલ્ય અપગ્રેડેશન કરવા વર્તમાન તાલીમ કાર્યક્રમોના અભ્યાસક્રમમાં ઉમેરો કરવામાં આવશે.

૨.૬ હાથશાળ માર્ક, ક્રાફ્ટ માર્ક, ઈમ્પોર્ટ-એક્સપોર્ટ સર્ટિફિકેટ, ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર ઓન બોર્ડિંગ અને વિવિધ સરકારી યોજનાઓ માટેની અરજીઓ તૈયાર કરવા હેન્ડહોલ્ડિંગ સપોર્ટ માટે પાર્ટનર એજન્સી દ્વારા તાલીમ આપવામાં આવશે.

૨.૭ શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નીતિ મુજબ શાળાઓમાં પૂર્વ-વ્યાવસાયિક અને વ્યાવસાયિક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓએ લીધેલ તાલીમના પરિણામોમાં સુધારો સુનિશ્ચિત થાય તે માટે પ્રયત્ન કરશે. તે આ શાળાઓના CWSN (Children with special needs) પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

૨.૮ કારીગરો ઈ-કોમર્સ પ્લેટફોર્મનો વધુમાં વધુ લાભ મેળવે, તે માટે Open Network for Digital Commerce (ONDC) ના વર્કશોપ ગોઠવવામાં આવશે.

## ૩.૦ લુપ્ત થતી કળાઓને પુનર્જીવિત કરવા માટે ઈનોવેશન એન્ડ ડિઝાઈન યોજના :

૩.૧ લુપ્ત થતી કળાઓને પુનર્જીવિત કરવામાં રસ ધરાવતાં વ્યક્તિઓ/વિદ્યાર્થીઓ અને કારીગરો વચ્ચે નવીન ડિઝાઈન સોલ્યુશન્સ મારફતે લુપ્ત થતી કળાઓને પુનર્જીવિત કરવા માટેના સહયોગને પ્રોત્સાહન આપવામાં આવશે.

૩.૨ લુપ્ત થતી કળાઓને પુનર્જીવિત કરવામાં રસ ધરાવતાં વ્યક્તિઓ/વિદ્યાર્થીઓને સમકાલીન સંગ્રહો અથવા નવા ઉત્પાદનો વિકસાવવા માટે તેમની રચનાત્મક કુશળતાનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે, જે આ પરંપરાગત હસ્તકળા જાળવી રાખશે.

૩.૩ આ ઉપરાંત, લુપ્ત થતી હસ્તકળાના દસ્તાવેજીકરણને પ્રોત્સાહિત કરવાનો પણ ઉદ્દેશ છે, જે ભવિષ્યની પેઢીઓ માટે વારસાગત જ્ઞાનના ડેટાબેઝ તરીકે કામ કરશે.

૩.૪ લુપ્ત થતી કળાઓને પુનર્જીવિત કરવા તેમજ ઐતિહાસિક ઉત્પાદનમાં રસ ધરાવતાં વ્યક્તિઓ/વિદ્યાર્થીઓને ત્રણ તબક્કામાં નાણાકીય સહાય ₹૭૦,૦૦૦/-ચૂકવવામાં આવશે. જે કારીગરોની મદદથી નવી પ્રોટોટાઈપ વિકસાવવામાં આવી છે તે કારીગરોને બે નવા ઉત્પાદનો વિકસાવવા માટે મહત્તમ ₹૨૦,૦૦૦ આપવામાં આવશે.

## ૪.૦ આંતર-માળખાકીય સુવિધાઓ(ઈન્ફ્રાસ્ટ્રક્ચર)

૪.૧ **ક્લસ્ટર અભિગમ:** ક્લસ્ટર વિકાસ યોજના માટેની માર્ગદર્શિકામાં સુધારો કરવા માટે હિતધારકોના સલાહ-સૂચન સાથે ક્લસ્ટરોના વ્યૂહાત્મક મૂલ્યાંકનના આધારે પ્રવર્તમાન ક્લસ્ટર યોજનાઓની સમીક્ષા કરવામાં આવશે.

૪.૨ **ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર યોજના:** આ યોજના અંતર્ગત કારીગરોની સંખ્યાના આધારે નાણાકીય જોગવાઈ ₹૧૩ લાખથી વધારીને ₹૩૫ લાખ કરવામાં આવશે.

૪.૩ **ક્રાફ્ટ ટૂરિઝમ:** હાથવણાટ, હસ્તકળા અને પર્યટનના સંકલિત વિકાસને પ્રોત્સાહિત કરવા માટે ક્રાફ્ટ વિલેજના નિર્માણ પર કામ કરવામાં આવશે.

૪.૪ ગાંધીનગર ખાતે ક્રાફ્ટ મ્યુઝિયમ ઊભું કરવામાં આવશે.

## ૫.૦ એક જીલ્લો એક ઉત્પાદન (ODOP) :

૫.૧ આ યોજના થકી ગુજરાતના દરેક જિલ્લામાં ઉપલબ્ધ સ્થાનિક હસ્તકળા અને સમુદાયોની પરંપરાગત કુશળતાને જાળવવા, વિકસાવવા અને પ્રોત્સાહન આપવાના હેતુસર અન્ય જિલ્લામાં ફેલાવો થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે.

૫.૨ સમગ્ર ગુજરાતમાં મુખ્યત્વે ૩૧ ઉત્પાદનોની પસંદગી કરવામાં આવી છે. તેનો ઉદ્દેશ ODOP ઉત્પાદનોના વિકાસના માર્ગમાં રહેલા પડકારોને દૂર કરવાનો છે. તે મૂલ્ય વૃદ્ધિ તફાવત અને આંતર-માળખાકીય તફાવત સહિત પ્રોડક્ટ ઈકો-સિસ્ટમના તમામ પાસાઓને આવરી લેશે.

૫.૩ ODOP યોજના હેઠળ ક્લસ્ટર કારીગરોના સર્વાંગી વિકાસ માટે નિર્માતા એન્ટરપ્રાઈઝ(PE)ની વિભાવના કરવામાં આવી છે.

૫.૪ નિર્માતા એન્ટરપ્રાઈઝ(PE) ગામડાઓમાં કાર્યરત હાથશાળ અને હસ્તકળા કેન્દ્રો માટે સંસાધનો એકત્રિત કરવા, ઉત્પાદનનું સંકલન કરવું, માર્કેટિંગને એકીકૃત કરવું, વગેરે પ્રવૃત્તિઓ માટે પ્લેટફોર્મ તરીકે કામ કરશે.

૫.૫ ક્લસ્ટરોની પસંદગી તેમની ડિઝાઈન અને ઉત્પાદનની વિશિષ્ટતા, બજારને પૂરતો જથ્થો પૂરો પાડવાની ક્ષમતા તેમજ સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી રહેવાની ક્ષમતાને આધારે કરવામાં આવશે. આગામી પાંચ વર્ષના સમયગાળામાં ૧૦ હસ્તકળા અને હાથશાળ ક્લસ્ટરની સ્થાપના કરવામાં આવશે.

## ૬.૦ ડિજીટલાઈઝેશન (પારદર્શક અને યુઝર ફ્રેન્ડલી) :

૬.૧ લાભાર્થીઓને સેવાઓનો લાભ પહોંચાડવા માટે ઓનલાઈન સિંગલ વિન્ડો પોર્ટલ 'ઈ-કુટિર' વિકસાવવામાં આવ્યું છે. કુટિર અને ગ્રામોદ્યોગને સંબંધિત તમામ યોજનાઓનો સમાવેશ કરી, લાભાર્થીઓને મળતી સેવાઓ સરળ બનાવવામાં આવશે.

૬.૨ કુટિર અને ગ્રામોદ્યોગ સંબંધિત યોજનાઓ અને કાર્યક્રમો અંગે રાજ્યના નાગરિકોમાં વધુ જાગૃતિ માટે વેબસાઈટને અસરકારક, માહિતીપ્રદ, પારદર્શક અને યુઝર ફ્રેન્ડલી બનાવવામાં આવશે.

૬.૩ આયોજન અને વિશ્લેષણની દ્રષ્ટિએ માહિતીના અભાવને દૂર કરવા માટે કુટિર ક્ષેત્રના વિવિધ ક્ષેત્રો સંબંધિત એક વ્યાપક ડેટાબેઝ બનાવવામાં આવશે.

## ૭.૦ ડિઝાઈન અને માર્કેટિંગ સપોર્ટ:

૭.૧ કારીગરોને ઉત્પાદનોના બૌદ્ધિક સંપત્તિ અધિકારોનું રક્ષણ કરવા માટે ભૌગોલિક સંકેત(GI Tag) પ્રમાણપત્ર પ્રાપ્ત કરવામાં સુવિધા પૂરી પાડવામાં આવશે. ભૌગોલિક સંકેત(GI Tag) પ્રમાણપત્ર ધરાવતાં હાથશાળ અને હસ્તકળાના ઉત્પાદનોને વિશિષ્ટ ઉત્પાદનો તરીકે પ્રોત્સાહિત કરી વેચાણ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

૭.૨ ગુજરાતના જાણીતાં પ્રવાસન સ્થળો પર આવતાં પ્રવાસીઓ માટે હાથશાળ-હસ્તકળા તથા કુટિર ઉદ્યોગના કારીગરોએ તૈયાર કરેલ ગુજરાતની વિશિષ્ટતા ધરાવતી કળાકૃતિ સ્મૃતિભેટ(સોવેનિયર) સ્વરૂપે ઉપલબ્ધ થઈ શકે તે માટે પ્રવાસન વિભાગના સંકલનમાં રહીને કાર્યવાહી કરવામાં આવશે.

૭.૩ **ઈ-કોમર્સ ડિજિટલ માર્કેટિંગ અને પ્રોત્સાહન યોજના:** ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર કારીગરોને પોતાનું રજિસ્ટ્રેશન કરાવવા થતાં ખર્ચ માટે વળતર આપવામાં આવશે. મહતમ પાંચ ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર નોંધણી કરવા માટે પરિવાર દીઠ વ્યક્તિગત એક કારીગરને મહતમ ₹૫૦૦૦/- સુધીનું વળતર આપવામાં આવશે.

૭.૪ **કોર્પોરેટ બલ્ક ગિફ્ટિંગ:** કારીગરોને કોર્પોરેટ બલ્ક ગિફ્ટિંગ ઓર્ડરને પ્રોત્સાહિત કરવા માટે અલગ બલ્ક ઓર્ડર વ્યૂહરચના બનાવવામાં આવશે, જેમાં કારીગરોને કોર્પોરેટ ગિફ્ટિંગની જરૂરિયાતો અનુસાર પ્રોટોટાઈપ પ્રોડક્ટ વિકસાવવામાં મદદ મળશે અને તેમને જથ્થાબંધ ઉત્પાદન ક્ષમતા વિકસાવવામાં મદદ મળશે.

૭.૫ **એક્સપોઝર વિઝિટ્સ:** કારીગરોને તેમની કળા/કાર્ય માટે મહત્વપૂર્ણ વિવિધ પાસાઓની વિસ્તૃત સમજ પ્રદાન કરવા એક્સપોઝર વિઝિટમાં વધારો કરવામાં આવશે. જેનો હેતુ બજારની માંગ અંગે પ્રત્યક્ષ માહિતી મેળવવી, જટિલ ઉત્પાદન પ્રક્રિયાઓની આંતરદ્રષ્ટિ કેળવવી, આધુનિક સાધનો અને મશીનરીના ઉપયોગથી પરિચિત થવાનો છે.

૭.૬ હાથશાળ-હસ્તકળાના કારીગરોને માર્કેટીંગ પ્લેટફોર્મ પૂરું પાડવા માટે ૯૦ જેટલા પ્રદર્શનો/મેળાઓનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે, જે વધારીને ૧૫૦ પ્રદર્શનો/મેળાઓનું આયોજન કરવામાં આવશે.

૭.૭ સોશિયલ મીડિયા ચેનલો, શોર્ટ ફિલ્મો, કેટલોગ, બ્રોશર અને કોફી ટેબલ બુક્સ દ્વારા ગુજરાતમાં વિવિધ હસ્તકળાની બનાવટો અંગેની જાગૃતિ માટે પ્રચાર-પ્રસાર કરવામાં આવશે.

૭.૮ કાર્યશાળા(Workshop) દ્વારા પર્યાવરણીય અનુકૂલન સાથે આર્થિક અને સામાજિક વિકાસ માટે ગુજરાતની પરંપરાગત હસ્તકળાઓ અને ખાદીની સુસંગતતા વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવામાં આવશે.

૭.૯ ગુજરાતના કારીગરો અને હસ્તકળાને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય અને રાજ્યના વિભાગો, સંસ્થાઓ અને સીએસઆર(CSR) ફાઉન્ડેશન સાથે સહયોગ સાધવામાં આવશે.

## ૮.૦ કુટિર ક્ષેત્ર માટે ઈન્ક્યુબેશન અને ફોર્મલાઈઝેશન:

૮.૧ કુટિર ક્ષેત્રના ઉભરતાં સાહસિકો/એજન્સીઓની ઓળખ કરી, ઈન્ક્યુબેશન સપોર્ટ માટે જાણીતી શૈક્ષણિક સંસ્થાઓ સાથે ભાગીદારી કરવામાં આવશે. સંસ્થાઓનો પેનલમાં સમાવેશ કરી કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેમ કે, પ્રધાન મંત્રી વિશ્વકર્મા યોજના, પ્રધાન મંત્રી રોજગારી નિર્માણ કાર્યક્રમમાંથી લાભો મેળવીને હસ્તકળા સાહસો સ્થાપવામાં મદદ કરવામાં આવશે.

૮.૨ શેરડી અને વાંસ, માટીકામ અને માટીની મૂર્તિ, ચામડું, શણ અને કુદરતી ફાઈબરની ચીજવસ્તુઓ સાથે સંકળાયેલા કારીગરોને સમકાલીન અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત વસ્તુઓનું ઉત્પાદન કરવા સક્ષમ બનાવવાના ઉદ્દેશ સાથે ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ તકનીકી સંસ્થાન(GMK&RTI) માં એક ડિઝાઈન સ્ટુડિયો કાર્યરત કરવામાં આવશે.

## ૯.૦ નિકાસને પ્રોત્સાહન:

૯.૧ આંતરરાષ્ટ્રીય બાયર-સેલર મીટનું આયોજન કરવામાં આવશે, જે કારીગરોના ઉત્પાદનોના વેચાણ માટે સુવિધા આપવા માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપશે તેમજ ચોક્કસ ચીજવસ્તુઓની માંગને સરળતાથી સમજવા માટે કારીગરોને મદદરૂપ થશે.

૯.૨ ગુજરાતની હસ્તકળાની નિકાસમાં વધારો થાય તે માટે એક્સપોર્ટ હાઉસ, Exports Promotion Council for Handicrafts, Federation of Indian Export Organisation, Directorate General of Foreign Trade નો સહયોગ સાધવામાં આવશે.

૯.૩ નિકાસ/આયાત નોંધણીને પ્રોત્સાહન: ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ(DGFT) પાસેથી આયાત-નિકાસ પ્રમાણપત્ર(IEC) મેળવવા માટે નોંધણી ફી અને કારીગરો દ્વારા ચૂકવવામાં આવતી કોઈપણ કન્સલ્ટન્સી ફી ના મહત્તમ ૫૦% સુધીની મર્યાદામાં કારીગર દીઠ સહાય ચૂકવવામાં આવશે.

## ૧૦.૦ બ્રાન્ડિંગ સર્ટિફિકેશન અને ગુણવત્તા માટે સહાય:

૧૦.૧ એ.આઈ.એ.સી.એ.(ઓલ ઈન્ડિયા આર્ટસ એન્ડ ક્રાફટ વર્કર્સ વેલ્ફેર એસોસિએશન)માં નોંધણી માટે પ્રત્યેક ક્રાફટ પ્રોસેસ દીઠ અરજી ચકાસણી ફી પૈકી ₹૫૦૦૦/-ની સહાય આપવામાં આવશે. અરજદાર દીઠ મહત્તમ ત્રણ ક્રાફટ પ્રોસેસની નોંધણી ફી પેટે ₹૧૫,૦૦૦/- ની મહત્તમ સહાય આપવામાં આવશે.

૧૦.૨ **હાથશાળ માર્ક:** ભારત સરકારના વિકાસ કમિશનર (હાથશાળ) દ્વારા અમલમાં મૂકવામાં આવતી યોજના દ્વારા હાથશાળ ઉત્પાદનોનો પ્રચાર-પ્રસાર કરવા અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં આગવું સ્થાન સુરક્ષિત કરવા મહત્તમ ૧૦ ઉત્પાદનો માટે હાથશાળ માર્ક મેળવવા માટે નોંધણી ફી ની રકમ સહાય તરીકે ચૂકવવામાં આવશે. હાથશાળ માર્કની નવીનીકરણ (રિન્યુયલ) નોંધણી ફી પણ ભરપાઈ કરવામાં આવશે.

## ૧૧.૦ સન્માન અને પુરસ્કારો :

૧૧.૧ રાજ્ય કક્ષાના તથા જિલ્લા કક્ષાના પુરસ્કારોની સંખ્યામાં વધારો કરીને, કારીગરોને સન્માનિત-પ્રોત્સાહિત કરવામાં આવશે.

૧૧.૨ મેન્ટરશીપ વર્કશોપનું આયોજન કરવામાં આવશે, જેમાં નવા કારીગરોને એવોર્ડ વિજેતા કારીગરો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

૧૧.૩ કારીગરોને પ્રોત્સાહિત કરવા માટે એવોર્ડ વિજેતા કારીગરોની સફળતાની ગાથાઓ તૈયાર કરીને, સોશિયલ મીડિયાના માધ્યમથી તેનો પ્રચાર-પ્રસાર કરવામાં આવશે.





પ્રોસેસિંગ અને મુદ્રણ:સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર